

# દ્વિતિય સ્ક્રેપ માલ વેચાણ ટેન્ડર

(Ref.No. DSD/MSN/MS/18-19/03, Dtd. 01.08.2018)

## (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮)

### વર્ષ – ૨૦૧૮-૧૯


મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
દૂધસાગર ડેરી,પોસ્ટ બોક્ષ નં.—૧, હાઈવે , મહેસાણા—૩૮૪ ૦૦૨.
ફોન નં –(૦૨૭૬૨)૨૫૩૨૦૧ થી ૦૫ ફેકસ નં –(૦૨૭૬૨)૨૫૩૪૨૨


**TENDER DOCUMENT FEE Rs. 500/-**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
દૂધસાગર ડેરી,પોસ્ટ બોક્ષ નં.–૧, હાઈવે , મહેસાણા–૩૮૪ ૦૦૨.

| ટેન્ડર ફોર્મ નંબર | |
|---|---|

**ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/– (નોન રીફંડેબલ)**

**તા. ૦૧/૦૮/૨૦૧૮**

## અનુક્રમણિકા


| અ.નં | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | ટેન્ડરનો કાર્યક્રમ | ૦૨ |
| ૨ | વેપારીની વિગત | ૦૩ |
| ૩ | A- દ્વિતિય ચાર–માસ (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮) ના સમય માટે વેચાણ માટેની આઈટમો (આઈટમ નં. ૦૧ થી ૫૦) | ૦૪ થી ૧૦ |
| ૪ | B દ્વિતિય ચાર–માસ (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮) ના સમય માટે વધારે જથ્થા અને કિંમત ધરાવતી અને તેમાં વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે આઈટમદીઠ રૂ. ૫૦,૦૦૦/– ભરવાની છે. તે આઈટમો (આઈટમ નં. ૫૧ થી ૫૪) | ૧૧ |
| ૫ | C દ્વિતિય ચાર–માસ (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮) ના સમય માટે ગંદકી કરવાવાળી વેચાણ માટેની આઈટમો (આઈટમ નં. ૫૫ થી ૫૭) | ૧૨ |
| ૬ | D - દ્વિતિય ચાર–માસ (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮) ના સમય માટે કેટલફીડ ફેકટરી, ઉબખલ / જગુદન થી સમય માટે વેચાણ માટેની આઈટમો (આઈટમ નં. CFP 01 to CFP 06) | ૧૩ |
| ૭ | સ્ક્રેપ માલ વેચાણ ટેન્ડરની શરતો. | ૧૪ થી ૧૯ |

## ટેન્ડરનો કાર્યક્રમ

| અ.નં | કામગીરીની વિગત | તારીખો | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ટેન્ડરની જાહેરાત તારીખ | ૧૨-જુલાઈ -૨૦૧૮ | — | ડેરીના નોટીસ બોર્ડ ઉપર તથા ડેરીની વેબસાઈટ www.dudhsagardairy.coop ઉપર |
| ૨ | ટેન્ડર ફોર્મ વેચાણ શરુઆત તારીખ | ૧૨-જુલાઈ -૨૦૧૮ | સવારે ૧૦ વાગ્યા થી | એકા.વિભાગ, બીજો માળ, હેડ ઓફિસ, મહેસાણા |
| | ટેન્ડર ફોર્મ વેચાણ બંધ તારીખ | ૨૩-જુલાઈ -૨૦૧૮ | સાંજે ૪ વાગ્યા સુધી | |
| ૩ | ભરેલા ટેન્ડરપરત કરવા તારીખ | ૨૪-જુલાઈ -૨૦૧૮ | સાંજે ૫ વાગ્યા સુધી | પરચેઝ વિભાગ, ત્રીજો માળ, હેડ ઓફિસ, મહેસાણા |

# વેપારીની માહીતી

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧અ | વેપારી પેઢીનું નામ | |
| | ૧બ | પેઢીનો પ્રકાર– પ્રોપાઈટર/ભાગીદારી/પ્રા.લી. કે અન્ય જે હોય તેના પુરાવાની નકલ બીડવી | |
| ૨ | રહેઠાણનું સરનામુ | | |
| ૩ | પત્રવ્યવહારનું પુરુ સરનામું | | |
| ૪ | ટેલીફોન / મોબાઈલ નંબર | | |
| ૫ | ડીપોઝીટ ડ્રાફટ નંબર અને તારીખ | | |
| ૬ | ડીપોઝીટ ડ્રાફટની રકમ રૂા. | | |
| ૭ | બેન્કનુ નામ / શાખાનું નામ | | |
| ૮ | ઈન્કમટેક્ષ પાન કાર્ડ નબર | | |
| ૯ | GST રજીસ્ટ્રેશન નંબર (GST રજીસ્ટ્રેશન નંબરની ઝેરોક્ષ કોપી અવશ્ય બીડવી) | | |
| ૧૦ | GPCB માન્ય લાયસન્સ નંબર અને વેલીડીટી તારીખ (ઝેરોક્ષ કોપી અવશ્ય બીડવી) | | ---------------------------------- જો GPCB માન્ય લાયસન્સ નંબર ન હોય તો પ્રત્યેક માલ (કુલ વજનનો) ના નિકાલનો GPCB Certificate આપવું પડશે.નહીંતર ટેન્ડર ડિપોઝીટ જપ્ત થશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | વેપારીએ જે બેન્ક મારફત ડેરીમાં પેમેન્ટ જમા કરાવવાનુ હોય તેની માહીતી (આ સિવાય અન્ય જગ્યાએથી આવેલ પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં) | a | Name of Bank | |
| | | b | Address of bank | |
| | | c | Name of A/c. | |
| | | d | A/c.No. | |
| | | e | A/c.Type | |
| | | f | IFSC Code | |

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
દૂધસાગર ડેરી,પોસ્ટ બોક્ષ નં.–૧, હાઈવે , મહેસાણા–૩૮૪ ૦૦૨.

તા. ૧૨/૦૮/૨૦૧૮

પ્રતિ,
મેનેજીંગ ડિરેક્ટરશ્રી,
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,
દૂધસાગર ડેરી,
મહેસાણા–૩૮૪ ૦૦૨.

વિષય :– સ્ક્રેપ માલના વેચાણ ભાવ બાબત…

સવિનય સાથે જણાવવાનું કે આપની ડેરીમાં નીચે જણાવેલ બિનઉપયોગી ભંગાર વસ્તુઓ ચારમાસના સમયગાળા માટે વેચવાની છે. જે અમો ખરીદવા રસ ધરાવીએ છીએ. સદર વસ્તુઓ તેના દર્શાવેલ ભાવે લેવા માટે ભાવ ભરેલ છે.આપની જણાવેલ ટેન્ડરની શરતો અમોને મંજૂર છે.

**(A) નીચેની વસ્તુઓ માટે વર્ષ ૨૦૧૮.૧૯ ના દ્વિતિય ચાર–માસ (૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮) ના સમય માટે ભાવ ભરવાના રહેશે.**

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | EMS-01 | ૦૧ લીટર, ૦૨ લીટર તથા ૦૫ લીટર ઘી ના આખા તેમજ તુટેલા ડેમેજ ખાલી ભંગાર ટીન તમામ પ્રકારના બીન ઉપયોગી, બોટમ સાથે (પ્લાસ્ટીક પેકીંગની બેગનું વજન અલગ ગણવામાં આવશે) | ૧ કીલોના | | |
| ૨ | EMS-02 | ૧/૨ કીલો અને ૦૧ કીલો અમુલ સ્પ્રેના, ૧/૨ કીલો અમુલ્યા પાવડરના આખા તેમજ તુટેલા ડેમેજ ખાલી ભંગાર ટીન તમામ પ્રકારના બીન ઉપયોગી, બોટમ સાથે (પ્લાસ્ટીક પેકીંગની બેગનું વજન અલગ ગણવામાં આવશે) | ૧ કીલોના | | |
| ૩ | EMS-03 | ૨૦૦ ગ્રામ / ૪૦૦ ગ્રામ/ ૨.૫ કિલો એસ.સી.એમ.ના આખા તેમજ તુટેલા ડેમેજ ખાલી ભંગાર ટીન તમામ પ્રકારના બીન ઉપયોગી, બોટમ સાથે (પ્લાસ્ટીક પેકીંગ ની બેગનું વજન અલગ ગણવામાં આવશે) | ૧ કીલોના | | |
| ૪ | EMS-04 | ૭.૫ કીલો એસ.સી.એમ.ના આખા તેમજ તુટેલા ડેમેજ ખાલી ભંગાર ટીન બોટમ સાથે તમામ પ્રકારના બીન ઉપયોગી, | ૧ નંગના. | | |
| ૫ | EMS-05 | પેકીંગમાં આવતી કોસ્ટીક, ચમચી, બટર સોલ્ટ, મીઠાની, સીમેન્ટની, આખા મીઠાની વુવન/પ્લાસ્ટીકની આખી,તુટેલી તેમજ ફાટેલી, કાણાવાળી, ચીરા વાળી તમામ પ્રકારની ખાલી બેગો બીન ઉપયોગી ,પેકીંગમાં આવતા પ્લાસ્ટીક તથા વુવન કંતાનના ટુકડા, તુટેલા કોથળા, તમામ જુની તાડપત્રી ભંગાર બીન ઉપયોગી, પેપરબેગના, પ્લાસ્ટીકના તથા બારદાનના ટુકડા બીન ઉપયોગી, તમામ પ્રકારના બીન ઉપયોગી | ૧ કીલોના | | |

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૬ | EMS-06 | પાઉચ માટેના પ્લાસ્ટીકના ખાલી ક્રેટ તમામ પ્રકારના બીન ઉપયોગી ભંગાર (તમામ ક્રેટ તોડીને લઈ જવાના રહેશે.) | ૧ કીલોના | | |
| ૭ | EMS-07 | પી.વી.સી પ્લાસ્ટીક પટ્ટી / દોરી / નાયલોન પટ્ટીનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૮ | EMS-08 | ડેરી કેમ્પસ તથા બજારમાંથી આવતુ જીલેટીન પ્લાસ્ટીક તથા પ્લાસ્ટીક પેકીંગ મટેરીયલ, બોટલો/ટીન/બેરલ સાથે આવતુ પ્લાસ્ટીક પેકીંગ મટેરીયલ, અન્ય તમામ પ્રકારના પ્લાસ્ટીક પેકીંગની ખાલી બેગો તથા ફેકટરીમાંથી નીકળતા દરેક પ્રકારના પ્લાસ્ટીકના નાના મોટા ટુકડા ભંગાર, પાવડર ની બગડેલી, કાળી, ખરાબ થયેલ પ્લાસ્ટીક લાઈનર બેગો તથા અન્ય પ્લાસ્ટીકની ખરાબ થયેલ તમામ પ્રકારની ખાલી બેગો જેવા તમામ પ્રકારનો બીનઉપયોગી ડેરી કેમ્પસ પ્લાસ્ટીકનો ભંગાર | ૧ કીલોના | | |
| ૯ | EMS-09 | પ્લાસ્ટીકનો પરચુરણ ભંગાર,પ્લાસ્ટીકના કોર,પ્લગ તેમજ કાસ્ટ પ્લાસ્ટીક બીન ઉપયોગી, તુટેલા પ્લાસ્ટીકના ખાલી કેરબા,તુટેલા બેરલ તથા પ્લાસ્ટીક પાઈપના ટુકડા વગેરે તમામ પ્રકારનો જનરલ પ્લાસ્ટીકનો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૧૦ | - | પાર્ચમેન્ટ પેપરના રોલના પુંઠાના કોર તથા પોલી. ફીલ્મના રોલના પુંઠાના કોર વગેરે તમામ પ્રકારના પુંઠાના ખાલી કોરનો પ્રકારનો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૧૧ | EMS-10 | ૨૦૦,૫૦૦ અને ૧ કીલો એએસપી/એસ.એમ.પી/ અમુલ્યાના રીફીલ પેકેટ/ કાટૂનનો(બોક્ષ પેકિંગ સાથે) તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૧૨ | EMS-11 | ૨૫ કિલો SU કેમીકલ ના પ્લાસ્ટીકના ખાલી ડ્રમ બીન ઉપયોગી. | ૧ નંગના | | |
| ૧૩ | - | બોકસ સ્ટ્રેપીંગ પટ્ટી (લોખંડની) ક્લેમ્પ/જોઈન્ટ સાથે તમામ બીન ઉપયોગી ભંગાર. ઉબખલ/ જગુદન | ૧ કીલોના | | |
| ૧૪ | EMS-12 | કાચની ઈન્જેકશન વાયલ બોટલો તમામ સાઈઝની ખાલી બુચ સાથે. તમામ પ્રકારની બીન ઉપયોગી. | ૧ કીલોના | | |
| ૧૫ | - | તુટેલા કાચનો ભંગાર(લોખંડના બિલ્લા સાથે) બલ્બ, ટયુબ લાઈટના, તથા કાચની આખી ખાલી બાટલો તથા બાટલોનો તમામ બીન ઉપયોગી ભંગાર. | ૧ કીલોના | | |
| ૧૬ | - | કેબલના ટુકડા તમામ પ્રકારના બીન ઉપયોગી (તાંબુ, એલ્યુમીનીયમ, લોખંડનો તથા અન્ય ધાતુ ના)લગ સાથે | ૧ કીલોના | | |
| ૧૭ | EMS-13 | રબર તથા બેકેલાઈટના તુટેલા પાટલાનો ભંગાર તમામ પ્રકારનો બીન ઉપયોગી | ૧ કીલોના | | |

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૧૮ | - | તમામ પ્રકારની પરચુરણ પસ્તી / ન્યુઝ પેપરની પસ્તી બીન ઉપયોગી | ૧ કીલોના | | |
| ૧૯ | EMS-14 | ટેન્કરના ખાલી શીલ(પ્લાસ્ટીક/લોખંડ/વાયર/તાર/ દોરા જોઈન્ટ)નો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર.(પ્લાસ્ટીક પેકીગ ની બેગનું વજન અલગ ગણવામાં આવશે.) | ૧ કીલોના | | |
| ૨૦ | EMS-15 | તમામ પ્રકારના ૨૦૦,૫૦૦ એમ.એલ.,૧ લીટર ૫ લીટર દૂધ/છાસ / ઘી ના તમામ પ્રકારના રીજેકટેડ/ સ્ક્રેપ ખાલી પ્લાસ્ટીક પાઉચ રોલ આખા તેમજ વાપરેલા. બીનઉપયોગી. (કોર જોઈન્ટ સાથે) | ૧ કીલોના | | |
| ૨૧ | EMS-16 | તમામ પ્રકારના UHT દૂધના રીજેકટેડ/ સ્ક્રેપ પાઉચ રોલ આખા તેમજ વાપરેલા. ( કોર જોઈન્ટં સાથે ) | ૧ કીલોના | | |
| ૨૨ | - | તમામ પ્રકારનો જોઈન્ટ મેટલનો ભંગાર જેવો કે લોખંડ, એલ્યુમીનીયમ, તાંબુ, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, ગેલ્વેનાઈઝ લોખંડ વિગેરે તથા અન્ય કોઈપણ ધાતુનો તમામ પ્રકારનો બીન ઉપયોગી જોઈન્ટ મેટલ ભંગાર (જે હાલતમા છે તે હાલતમા ઊપાડવાનો છે) | ૧ કીલોના | | |
| ૨૩ | EMS-17 | ૧૫ કીલો ઘી આખા તેમજ તુટેલા ડેમેજ ખાલી ભંગાર ટીન તમામ પ્રકારના બીન ઉપયોગી, | ૧ નંગના. | | |
| ૨૪ | EMS-18 | ૫૦ કીલો થી ૭૦ કીલો ના ફેવીકોલ/ કેમીકલ ના પ્લાસ્ટીકના ખાલી કેરબા તમામ પ્રકારના બીન ઉપયોગી. ભંગાર | ૧ નંગના | | |
| ૨૫ | EMS-19 | ૪ થી ૫ લીટર બટર કલર,ઓઈલ તથા કેમીકલના તમામ પ્રકારના પ્લાસ્ટીકના ખાલી કેરબા તથા ડ્રમ બીન ઉપયોગી. | ૧ નંગના. | | |
| ૨૬ | EMS-20 | ૨૦ થી ૨૫ કીલોના લોખંડ/પ્લાસ્ટીકના તમામ પ્રકારના બીન ઉપયોગી ખાલી ડ્રમ (બેરલ) | ૧ નંગના. | | |
| ૨૭ | EMS-21 | ૨૦ થી ૩૫ લીટર કેમીકલ ના પ્લાસ્ટીકના ખાલી કેરબા તમામ પ્રકારના બીન ઉપયોગી. ભંગાર | ૧ નંગના. | | |
| ૨૮ | EMS-22 | ૧૦ લીટર કેમીકલના પ્લાસ્ટીકના ખાલી કેરબા તમામ પ્રકારના બીન ઉપયોગી | ૧ નંગના. | | |
| ૨૯ | EMS-23 | ૫ થી ૧૦ લીટરની વિટામીન,ઓઈલ,કલરની પ્લાસ્ટીકની ખાલી ડોલ તમામ પ્રકારની બીન ઉપયોગી. | ૧ નંગના | | |
| ૩૦ | - | ૨૮૦ કીલો એસ.સી.એમ.પ્લાસ્ટીકના ખાલી ડ્રમ (બેરલ) બીન ઉપયોગી | ૧ નંગના. | | |
| ૩૧ | EMS-24 | તમામ ટ્રકના,ટેમ્પા(૪૦૭,૭૦૯) ના તમામ ટાયર મોટા બીન ઉપયોગી. | ૧ નંગના | | |

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૩૧ | EMS-25 | તમામ નાની ગાડીઓ, હાથલારી, જીપ, મારુતિ તમામ ટાયર નાના બીન ઉપયોગી. | ૧ નંગના | | |
| ૩૨ | - | તમામ પ્રકારના સ્ટેનલેસ સ્ટીલનો ભંગાર (નોન મેગ્નેટીક સ્ટીલનો ભંગાર) (આ સ્ટેનલેસ સ્ટીલના ભંગારમાં જેને મેગ્નેટ નહિ ચોંટતુ હોય તેવો તમામ પ્રકારના સ્ટીલનો બધી જ ગ્રેડનો બીનઉપયોગી ભંગાર.( જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.) (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૩૩ | - | તમામ પ્રકારના સ્ટેનલેસ સ્ટીલનો ભંગાર(મેગ્નેટીક સ્ટીલનો ભંગાર) (આ સ્ટેનલેસ સ્ટીલના ભંગારમાં જેને મેગ્નેટ ચોંટતુ હોય તેવો તમામ પ્રકારના સ્ટીલનો બધી જ ગ્રેડનો બીનઉપયોગી ભંગાર.(જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.) (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૩૪ | - | એલ્યુમીનીયમના ખાલી જુના કેન, રીંગો, ઢાંકણા, તળીયા તમામ બીન ઉપયોગી. ભંગાર (પાર્ટીએ પોતાના ખર્ચે અને જોખમે જાતે કાપીને ટુકડા કરીને લઈ જવાના છે.) | ૧ કીલોના | | |
| ૩૫ | - | એલ્યુમીનીયમનો તમામ પ્રકારનો ભંગાર (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૩૬ | - | તાંબાનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૩૮ | - | પિત્તળનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૩૯ | - | તમામ પ્રકારના લોખંડનો ભંગાર (હેવી ટાઈપ) – સ્પેર પાર્ટસ, પાઈપના ટુકડા, પ્લેટો, ખીલાસળી,સળીયા, એંગલો,ચેનલો, બારીઓની ફ્રેમો તથા અન્ય તમામ પ્રકારનો લોખંડનો ભંગાર ( હેવી ટાઈપ ) બીનઉપયોગી (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફક્ત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૪૦ | - | તમામ પ્રકારના લોખંડનો ભંગાર (લાઈટ) – ડબા તથા પતરા, પેટીઓ,બીલ્લા,કલરના ટીન તથા તુટેલા ટીન કાણા વાળા, લોખંડના કાણાવાળા, તુટેલા બેરલ, લોખંડની પાતળી પટ્ટીવાળી ફ્રેમો ગ્રીલ સાથે ભંગાર, વાયરફેન્સીંગના ટુકડા તથા રોલ વગેરે તથા અન્ય તમામ પ્રકારનો લોખંડનો ભંગાર(લાઈટ ટાઈપ) બીનઉપયોગી, (આ ભંગારમાં અન્ય કોઈ બીજી મેટલ ચોંટેલી હશે તો વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફક્ત આ પ્રકારનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૪૧ | - | તમામ પ્રકારની કાસ્ટીગની ગટરની ટાઈલ્સ (સિમેન્ટ ચોંટેલી કે સિમેન્ટ ચોંટયા વગરની તમામ),કાસ્ટીગના ગટરના ઢાંકણ, ગટરની પાઈપો વગેરે તમામ પ્રકારનો ભંગાર | ૧ કીલોના | | |
| ૪૨ | EMS-26 | થર્મોકોલના બધી જ સાઈઝના (બોક્ષ પેકિંગ સાથે) તમામ પ્રકારના ખાલી બોક્સ બીન ઉપયોગી. | ૧ નંગના. | | |
| ૪૩ | EMS-27 | તમામ પ્રકારના કેનના લીડ શીલ ( લીડ / દોરી / પટ્ટી / તાર જોઇન્ટ) (પ્લાસ્ટીક પેકીંગ ની બેગનું વજન અલગ ગણવામાં આવશે.) | ૧ કીલોના | | |
| ૪૪ | - | તમામ પ્રકારના એર ફીલ્ટર/ ઓઈલ ફીલ્ટર આખા તેમજ તુટેલા બીન ઉપયોગી.( જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૪૫ | EMS-28 | ૨૫ કીલો તથા ૫૦ કીલો ખાંડની પ્લાસ્ટીકની તમામ પ્રકારની ખાલી બેગો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૪૬ | EMS-29 | ૨૫ કીલો પોલીથીલીન પ્લાસ્ટીક લાઈનર ખાલી બેગ ૧૨૫ ગેજ (ગ્રીન કલર) તમામ પ્રકારની બીન ઉપયોગી ભંગાર (જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.) | ૧ કીલોના | | |
| ૪૭ | - | બોઈલરના આર.ઓ.પ્લાન્ટના મેમરન બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૪૮ | EMS-30 | સંઘ (ડેરી) માંથી નીકળતો બીન ઉપયોગી કચરો જેવો કે તમામ પ્રકારના અમુલ્યા,અમુલ સ્પ્રે તથા સાગર એસ.એમ.પી ના ખાલી ભંગાર પ્લાસ્ટીક પાઉચ, પાવડરના તમામ પ્રકારના રીજેકટેડ/ સ્ક્રેપ ખાલી પ્લાસ્ટીક પાઉચ રોલ આખા તેમજ વાપરેલા. (કોર જોઈન્ટં સાથે), વી.પી.પી.કતરણ, બટરનો વી.પી.પી.વેસ્ટનો કાગળ વેસ્ટ,ખાખી તથા સફેદ તમામ કાગળના ટુકડા, પુંઠાના સેપરેટર, થર્મોકોલના ટુકડા, સેલો ટેપના કોર (કોરા તેમજ સેલો ટેપ ચોટેલા) તથા બગડેલા ખરાબ તુટેલા ખાલી કોર ભંગાર, દોરીના વેસ્ટ ટુકડા, ફાઈલોના પુંઠાનો ભંગાર, બગડેલા ખરાબ થયેલા પુંઠાનો ભંગાર, ડાઘા વાળી ગંદી નકામી પેપર બેગ ખાલી, તમામ પ્રકારના અમુલબટરના કાર્ટુન ખાલી બીન ઉપયોગી.(બોક્ષ પેકિંગ સાથે) (પ્લાસ્ટીક પેકીંગની બેગનું વજન અલગ ગણવામાં આવશે.) તેમજ અન્ય નિકાલ કરવા યોગ્ય તમામ પ્રકારનો. બીન ઉપયોગી કચરો, સદર કચરો જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે. | ૧ કીલોના | | |
| ૪૯ | - | દહીંના ખાલી પ્લાસ્ટીક કપ વાપરેલા તથા વાપર્યા વગરના તમામ પ્રકારના બીન ઉપયોગી ભંગાર<br><br>**આ સ્ક્રેપમાલ કડી પ્લાન્ટ ખાતેથી સૂચના મુજબ તાત્કાલીક ઉપાડવાનો રહેશે** | ૧ કીલોના | | |
| ૫૦ | - | સિમેન્ટના પતરા (Asbestos sheets) આખા તેમજ તુટેલા તમામ પ્રકારના બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |

**(B) નીચે મુજબની આઈટમો દર્શાવેલ વધારાની શરતોને આધીન ૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮ સમયગાળા માટે ઉપાડવાની રહેશે અને તેમાં વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– ભરવાની રહેશે.**

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૫૧ | - | ૨૫ કીલોની તમામ પ્રકારની હોઝીયન ક્રાફટ પેપર બેગ બીનઉપયોગી | ૧ કીલોના | | |
| ૫૨ | - | આખા તેમજ તુટેલા કાર્ડ બોર્ડ / બોકસના પુઠાનો તમામ પ્રકારનો બીનઉપયોગી ભંગાર તથા તમામ સેકશનમાં પેકીંગમાં આવતા પુઠાનો ભંગાર તથા માલ પેકીંગ વખતે નીકળતા પુઠાનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર | ૧ કીલોના | | |
| ૫૩ | - | વ્હાઈટ બટર/ઘી ના ડાઘાવાળા બગડેલા ખરાબ થયેલા પુંઠાનો તથા ખાખી કાગળની સીટો નો ભંગાર તમામ પ્રકારનો બીન ઉપયોગી. ભંગાર | ૧ કીલોના | | |
| ૫૪ | EMS-31 | ૨૫ કીલો પોલીથીલીન પ્લાસ્ટીક લાઈનર ખાલી બેગ ૧૨૫/૩૦૦ ગેજ (વ્હાઈટ કલર) પ્લેઈન તથા અમુલ ના લોગોવાળી તમામ પ્રકારની બીનઉપયોગી ભંગાર (જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.) | ૧ કીલોના | | |

શરતો અને નિયમો –

૧. **આઈટમ નંબર ૫૦ થી ૫૩ પૈકી જે વેપારીને ગમે તે આઈટમ / આઈટમો મંજૂર થાય ત્યારે તે વેપારીએ દરેક આઈટમદીઠ વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– ઓર્ડર મળ્યાથી ૭ દિવસની અંદર મેઈન સ્ટોર્સ ખાતે ભરવાની રહેશે.**

૨. ઉપર મુજબની બે શરતો સિવાય આ સાથે બિડાણ કરેલ સ્ક્રેપ માલ વેચાણ ટેન્ડરની તમામ શરતોનો અમલ કરવાનો રહેશે..

**(C) - નીચે મુજબનો અઠવાડીક ઉપાડવાનો સ્ક્રેપ માલ ૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮ સુધી જણાવેલ શરતો ને આધીન વેચાણ આપવાનો છે.**

| અ.નં. | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૫૫ | EMS-32 | તમામ પ્રકારના ૨૦૦,૫૦૦ એમ.એલ., ૫ લીટર દૂધ / છાસની પ્લાસ્ટીક પાઉચ બેગ ખાલી ભંગાર તથા પેકીંગ વેસ્ટ ભંગાર<br>તથા<br>UHT દૂધ/ UHT સિરપની પ્લાસ્ટીક પાઉચ બેગ ખાલી ભંગાર તથા UHT પેકીંગ વેસ્ટનો બીન ઉપયોગી ભંગાર<br>અને<br>૫૦૦ એમ.એલ. તથા ૦૧ લીટર ઘીના ખાલી પાઉચ બેગ પ્લાસ્ટીક ભંગાર તેમજ બટરના રેપર (લાઈનર) પલડેલા બગડેલા તમામ બીન ઉપયોગી<br>ઉપર મુજબનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર (જે હાલતમાં હશે તે હાલતમા ઊપાડવાનો છે ) | ૧ કીલોના | | |
| ૫૬ | - | બટર ચીપલેટનો ભંગારનો તમામ પ્રકારનો બીન ઉપયોગી ભંગાર<br>(જે હાલતમાં હશે તે હાલતમા ઊપાડવાનો છે ) | ૧ કીલોના | | |
| ૫૭ | | ઘી/બટરનુ ડાઘાવાળુ કોટન તથા અન્ય કોટન વેસ્ટના ડુચા,રુના ડુચા બીન ઉપયોગી ભંગાર(જે હાલતમાં હશે તે હાલતમા ઊપાડવાનો છે ) | ૧ કીલોના | | |

**<u>ખાસ શરતો અને નિયમો –</u>**

૧ કોન્ટ્રાકટરે દર અઠવાડીએ સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધીમાં (રવિવાર સિવાય) જેટલો સ્ક્રેપ માલ એકઠો થયેલ હશે તેટલો માલ જે તે જગ્યાએથી ઉપાડી લેવાનો રહેશે.

૨ સદર સ્ક્રેપ માલ ખુલ્લી જગ્યામાં રાખવામાં આવતો હોવાથી ગંદકી ના થાય તે રીતે પાણી નિતારીને આપના સાધનમાં જે હાલતમાં હશે તે હાલતમાં ઉપાડવાનો રહેશે.

૩ સદર સ્ક્રેપ માલ દરરોજ માલ ઉપાડવામાં નિષ્ફળ જશો તો કોઈ પણ કારણ અથવા નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાકટ રદ થયેલો ગણવામાં આવશે અને ટેન્ડરની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. તેની ખાસ નોંધ લેશો.

ટેન્ડર મોકલનારનું નામ .................................... ટેન્ડર ભરનારની સહી ..................................

**(D) નીચે મુજબની આઈટમો દર્શાવેલ વધારાની શરતોને આધીન કેટલફીડ ફેકટરી, ઉબખલ / જગુદન થી ચાર–માસ ૦૧/૦૮/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮ ના સમયગાળા માટે ઉપાડવાની રહેશે.**

| અ.નં | જે જગ્યાથી માલ ઉપાડવાનો છે તે કેટલફીડ ફેકટરી નુ નામ | GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો | માલની વિગત | એકમ. | એકમ દીઠ ભાવ. રૂ. પૈસા. | એકમ દીઠ ભાવ. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|---|
| CFP-1 | ઉબખલ | - | વેસ્ટેજ ખાલી બારદાન તમામ પ્રકારના બીનઉપયોગી | ૧ કીલોના | | |
| CFP-2 | ઉબખલ | EMS-33 | પેકીંગમાં આવતી ખાલી બેગો જેવી કે યુરીયા, મીનરલ, કેલ્સાઈટ, મીઠાની , મીલ્ક પાવડર વગેરેની તમામ પ્રકારની બીનઉપયોગી | ૧ કીલોના | | |
| CFP-3 | ઉબખલ | - | ગાંસડી કવર બીનઉપયોગી | ૧ કીલોના | | |
| CFP-4 | જગુદન | - | વેસ્ટેજ ખાલી બારદાન તમામ પ્રકારના બીનઉપયોગી | ૧ કીલોના | | |
| CFP-5 | જગુદન | EMS-34 | પેકીંગમાં આવતી ખાલી બેગો જેવી કે યુરીયા, મીનરલ, કેલ્સાઈટ, મીઠાની , મીલ્ક પાવડર વગેરેની તમામ પ્રકારની બીનઉપયોગી | ૧ કીલોના | | |
| CFP-6 | જગુદન | - | ગાંસડી કવર બીનઉપયોગી | ૧ કીલોના | | |

શરતો અને નિયમો –

૧. આઈટમ નંબર CFP-1 તથા CFP-4 – વેસ્ટેજ ખાલી બારદાન તમામ પ્રકારના બીનઉપયોગી માટે જે વેપારીને ગમે તે એક કેટલફીડ પ્લાન્ટ ખાતેથી માલ ઉપાડવાના ભાવ મંજુર થાય તે વેપારીએ ઓર્ડર મળ્યાથી ૭ દિવસની અંદર વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– ભરવાની રહેશે. તથા જે વેપારીને બંને કેટલફીડ પ્લાન્ટ ખાતેથી માલ ઉપાડવાના ભાવ મંજુર થાય તે વેપારીએ ઓર્ડર મળ્યાથી ૭ દિવસની અંદર વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– + રૂા. ૫૦,૦૦૦/– બંને કેટલફીડ પ્લાન્ટ ખાતે ભરવાની રહેશે.

૨. ભાવ મંજૂર થયાની જાણ સેલ્સ ઓર્ડરથી કરવામાં આવશે. જે ભાવ ચાર માસ માટે અમલમાં રહેશે. જે તે કેટલફીડ ફેકટરી ખાતેથી જયારે માલ ઉપાડવાનો થાય ત્યારે ભેગો થયેલ કુલ માલની રકમના ૧૦ ટકા રકમ સંઘમાં એડવાન્સ જમા કરાવવાની રહેશે. જે છેલ્લા બીલ માં મજરે આપવામાં આવશે.

૩. કેટલફીડ ફેકટરી ખાતે એકઠો થયેલ માલ ઉપાડવાની જાણ કર્યા પછી ૧૫ દિવસમાં અડધો જથ્થો ઉપાડી લેવાનો રહેશે. અને ૩૦ દિવસમાં બધો જથ્થો ઉપાડી લેવાનો રહેશે. પણ ૧૫ દિવસમાં અડધો જથ્થો ઉપાડવામાં નહી આવેતો દર ટન દીઠ રૂા ૧૦૦/– પ્રતિદિન ગોડાઉન ભાડુ વસુલ કરવામાં આવશે.

૪. ઉપર મુજબની ત્રણ શરતો સિવાય આ સાથે બિડાણ કરેલ સ્ક્રેપ માલ વેચાણ ટેન્ડરની તમામ શરતોનો અમલ કરવાનો રહેશે..

આપની ઉપર જણાવેલ શરતો અમોને મંજૂર છે. ટેન્ડર ભરનારની સહી ................................

## દૂધસાગર ડેરી, મહેસાણા–૩૮૪૦૦૨.

સ્ક્રેપ માલ વેચાણ ટેન્ડરની શરતો.

---

૧. (અ) ટેન્ડર કોપીમાં તેના નિયમો વાંચી વસ્તુ જાતે જોઈ જાણી ભાવ ભરવાના રહેશે. પાછળથી કોઈ પણ જાતનો વાંધો ચાલશે નહી.

(બ) ટેન્ડરફોર્મમાં દર્શાવેલ એકમ પ્રમાણે નંગ / કીલો / લોટના ભાવ આંકડામાં તથા શબ્દમાં સારા અક્ષરોમાં ચેકચાક સિવાય લખવાના રહેશે. ચેકચાક વાળા ટેન્ડર / ભાવ રદ થવાને પાત્ર થશે. જે આઈટમોના ભાવ ભરવાના ન હોય તે આઈટમની સામે (×) ચોકડીનું નિશાન કરવાનું ફરજિયાત રહેશે.

(ક) ટેન્ડર ફોર્મમાં તમામ વિગતો જેવી કે ટેન્ડર ભરનારનું નામ, પુરેપુરું સરનામું, ટેલીફોન નંબર/મોબાઈલ નંબર, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર, પાનકાર્ડ નંબર ફરજીયાત લખવાની રહેશે. ટેન્ડર મંજુર થયા પછી સ્ક્રેપ ઓર્ડર કોપી સાથે જી.એસ.ટી.રજીસ્ટ્રેશન નંબરની ઝેરોક્ષ કોપી, ઇન્કમટેક્ષ પાનકાર્ડની ઝેરોક્ષ કોપી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જી.પી.સી.બી.) નું સર્ટીફીકેટ ફરજીયાત મોકલવાનું રહેશે.

(ડ) ટેન્ડર ફોર્મમાં જણાવેલ વસ્તુઓ પૈકી કોઈપણએક અગર વધુ વસ્તુઓના ભાવ મંજુર કરવા યા ન કરવા યા ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું અથવા ટેન્ડરની કોઈપણ આઈટમના ભાવ કે આખા ટેન્ડર ની તમામ આઈટમના ભાવ સંસ્થાને જરુર જણાય તો નેગોશિયેટ કરવા કે નહિ કરવા તેની સત્તા સંઘને રહેશે. આ બાબતે કોઈ પણ જાતનું કારણ જણાવવામાં આવશે નહી. કોઈપણ પ્રકારના અંતિમ નિર્ણય નો અધિકાર સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી ને અબાધિત રહેશે.

(ઇ) સદર કોન્ટ્રાકટ જે આઈટમો જેટલા સમયમાટે આપવામાં આવેલ હશે તટલો સમય પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે, કોન્ટ્રાકટ પુરો થયે સંઘને જરુર લાગે તો કોન્ટ્રાકટ વધુ સમય લંબાવી શકાશે.

**૨. સંઘમાંથી નીકળતા સ્ક્રેપ માલનો નિકાલ ISO norms મુજબ કરવામાં આવતો હોવાથી લીસ્ટ મુજબની EMS-01 થી EMS-34 નંબરની આઈટમો માટે સ્ક્રેપ માલ ખરીદનાર વેપારી પાસે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) નું માન્ય સર્ટીફીકેટ હોવુ જરુરી છે. પણ જે વેપારીઓ પાસે આ સર્ટીફીકેટ ના હોય તેવા કિસ્સામાં તેઓએ માલ ઉપાડવાની શરુઆત કર્યા પહેલાં તે માલ GPCB માન્ય સર્ટીફીકેટવાળી પાર્ટીને વેચાણ કરવામાં આવશે તે મુજબનુ બોંયધરી પત્ર આપવાનુ રહેશે અને આ ક્વાર્ટર પુરુ થયા પહેલાં જે તે આઈટમનો જેટલો જથ્થો GPCB માન્ય સર્ટીફીકેટવાળી પાર્ટીને વેચાણ કરેલ છે તેટલો જથ્થો લેટરપેડમાં દર્શાવીને GPCB માન્ય સર્ટીફીકેટ સાથે સંઘના સ્ટોર્સ વિભાગમાં ફરજીયાત આપવાનું રહેશે નહીતર ટેન્ડર ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.**

૩. સંઘની અન્ય ફેકટરીઓ જેવી કે ઉબખલ /જગુદન કેટલ ફીડ ફેકટરીઓ /પશુ કેન્દ્ર જગુદન/ તમામ ચિલીંગ સેન્ટરો/ ગોડાઉનો વગેરેનો સ્ક્રેપ માલ પણ સદર કોન્ટ્રાકટમાં સામેલ ગણવામાં આવશે. કોન્ટ્રાકટરે આ માલ બારોબાર ત્યાંથી ઉપાડી લેવાનો રહેશે. અને તેના ભાવ સદર કોન્ટ્રાકટની યાદી પ્રમાણે ગણવામાં આવશે. આ માટે મહેસાણા મેઈન સ્ટોર્સમાં માલનુ પુરુ પેમેન્ટ એડવાન્સમાં ભરાવીને માલની ડીલીવરી જે તે ફેકટરીએથી બારોબાર કોન્ટ્રાકટરે લેવાની રહેશે. અમારી ઉપરોકત ફેકટરીના સ્ક્રેપ માલની જાણ કોન્ટ્રાકટરને અગાઉથી કરવામાં આવશે અને જે તે માલ તાત્કાલિક ઉપાડી લેવાનો રહેશે.

**જો આ માલ સમયસર અને સૂચનામુજબ ઉપાડવામાં નહી આવે અને સંજોગવસાત આ માલ મહેસાણા લાવવામાં આવે તો જથ્થાને ધ્યાનમાં લીધા સિવાય વાહનના પ્રત્યેક ફેરાદીઠ કડી / વિહાર / ખેરાલુ માટે રૂા.૩૦૦૦/– અને પાટણ / હારીજ માટે રૂા.૫૦૦૦/– ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવશે.**

૪ (અ) ટેન્ડર ભરનાર દરેક વેપારીએ ટેન્ડર સાથે ટેન્ડર ડિપોઝીટની રકમ પેટે રૂા ૫૦,૦૦૦/–નો ડિમાન્ડ ડ્રાફટ 'મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ' ના નામનો પેયેબલ એટ મહેસાણા સામેલ રાખવાનો રહેશે. ટેન્ડર કોપી સાથે રાષ્ટ્રીયકૃત બેન્કના ડ્રાફટ સામેલ નહી હોય તો ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે

**(બ) ચાર માસિક વેચાણ સમય માટેના ટેન્ડર આઈટમ સીરીયલ નંબર ૫૦ અને ૫૩ માટે આઈટમદીઠ વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– તથા CFP-1 અનેCFP-4 પૈકી જે વસ્તુઓના ભાવ મંજુર થાય તે દરેક વેપારીએ ઓર્ડર મળ્યાથી ૭ દિવસની અંદર વધારાની ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– ભરવાની રહેશે.તે સિવાય તે માલ આપવાનુ ચાલુ કરવામાં આવશે નહી.**

(ક) કોઈપણ વસ્તુ અગર વસ્તુઓના ભાવ મંજુર થયે સદર ટેન્ડરની સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૫૦,૦૦૦/– ટેન્ડરના સમય સુધી સંઘ પાસે જમા રહેશે. જેનુ કોઈપણ પ્રકારનું વ્યાજ મળશે નહી.

(ડ) જો કોઈ કોન્ટ્રાકટરની છેલ્લા કવાર્ટરના મંજૂર થયેલ ટેન્ડરમાં અગાઉ ભરેલી નિયત ડીપોઝીટની રકમ રૂા. ૫૦,૦૦૦/– પૂરા જમા હશે અને સદર ઈસમ બીજા કવાર્ટરમાં ટેન્ડર ભરવા માગતા હોય તો તેમણે ટેન્ડર ડીપોઝીટની રકમ ભરવાની થતી નથી. પરંતુ જયારે આગળના કવાર્ટરનુ ટેન્ડર ખોલવામાં આવે ત્યારે સદર ડીપોઝીટ માંથી કોઈપણ જાતની કપાત બાકી હોવી જોઈએ નહિ, નહિતર તે ટેન્ડરરદ થવાને પાત્ર થશે. સદર બાબતનો ઉલ્લેખ ટેન્ડર ફોર્મમાં ડીપોઝીટની રકમની જગ્યાએ કરવાનો રહેશે.

૫ (અ) કોન્ટ્રાકટરે દર ૧૦ દિવસમાં જેટલો સ્ક્રેપ માલ એકઠો થયેલ હશે તેટલો માલ સાંજના ૩.૪૫ વાગ્યા સુધીમાં જે તે માલના બીલનુ સંપૂર્ણ પેમેન્ટ ચુકવીને સ્ટોર્સમાંથી જે તે જગ્યાએથી ઉપાડી લેવાનો રહેશે. સંજોગોવસાત ૧૦ દિવસમાં વધારે માલ એકઠો થશે ત્યારે પત્ર અથવા ફોન કર્યા પછી દિવસ–૪ માં માલ ઉપાડવાનો રહેશે. ઉપરોક્ત નિયત સમયમાં જો માલ ઉપાડવામાં આવશે નહી અને વરસાદ કે અન્ય કારણોને લીધે માલને નુકશાન થાય તો આવા માલની બધી જ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સમયસર માલ ઉપાડવામાં નહી આવે તો દરરોજના રૂા. ૧૦૦/– અથવા તેથી વધારે દંડ બીલ સાથે લેવામાં આવશે.

(બ) જો ૧૦ દિવસમાં એકઠો થયેલ માલ ઉપાડવામાં નિષ્ફળ જશો તો બે વખત તે માલ ઉપાડી લેવા માટે ૪ દિવસ મુદતની નોટીસ આપવામાં આવશે.

(ક) દરેક નોટીસ વખતે નોટીસ ફી પેટે ડીપોઝીટમાંથી નોટીસદીઠ **રૂા.** ૧૦૦/– કાપવામાં આવશે.જો બીજી નોટીસના સંદર્ભમાં માલ ઉપાડવામાં નિષ્ફળ જશો તો ત્રીજી નોટીસથી કોઈ પણ કારણ આપ્યા સિવાય આગળની કાર્યવાહી કરી કોન્ટ્રાકટ રદ થયેલો ગણવામાં આવશે.

**(ડ) કલમ ૪(બ) મુજબ બે નોટીસ આપ્યા બાદ ભેગો થયેલ તમામ માલ જે તે માસના અંત સુધીમાં સમયસર ઉપાડવામાં નહી આવે તો સંસ્થા તે આઈટમો આ ટેન્ડરમાં તે આઈટમમાં ભાવમાં બીજા નંબરે આવતી પાર્ટીને તેજ ભાવે અથવા નેગોશિયેટેડ કરેલા ભાવપત્રક પ્રમાણે આપી શકશે. આ સ્ક્રેપ આઈટમ ઉપર કોન્ટ્રાકટરનો કોઈ હકક દાવો રહેશે નહિ.**

**તદ્ઉપરાંત ટેન્ડરની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. અથવા બીજા નંબરની પાર્ટીના નેગોશિયેશન ભાવપત્રક પ્રમાણે જે વધઘટ અથવા નુકશાની થયેલ વળતર કોન્ટ્રાકટરની ટેન્ડર ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે જેની નોંધ લેવી.**

**(ઈ) <u>કોન્ટ્રાકટરે માલ ઉપાડવાની શરુઆત પહેલા જુનો માલ ઉપાડવાથી કરવાની રહેશે અને ટેન્ડરનો સમય પુર્ણ થવાના એક અઠવાડીયા પહેલાં તમામ પ્રકારનો બધો માલ ઉપાડી જે તે વસ્તુઓના શેડ ખાલી કરી દેવાના રહેશે. ખાલી નહિ કરનાર કોન્ટ્રાકટરની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.અને તેમને આગામી સમય માટે ટેન્ડરની નકલ આપવામાં આવશે નહી.</u>**

**(એફ) <u>'માલ ઉપાડવો' તે શબ્દ નો અર્થ જે તે શેડ માંથી તે સ્ક્રેપમાલ સંપૂર્ણ ઉપાડીને તે શેડ ખાલી કરવાનો છે.</u>**

(એચ) કોઈ કોન્ટ્રાકટર ને પાંચ કે તેથી વધારે આઈટમો આપવામાં આવેલ હશે તેમના કિસ્સામાં શરત નં.૪ અ મુજબ જે સ્ક્રેપ આઈટમ સમયસર ઉપાડવામાં આવશે નહી તો તે આઈટમના દંડ પેટે ટેન્ડરની સીકયોરીટી ડીપોઝીટ માંથી સંસ્થાને યોગ્ય લાગે તેટલી રકમ કાપી લઈ તેમનુ ટેન્ડર ચાલુ રાખવામાં આવશે અને તેમણે ચાલુ રાખેલ ટેન્ડરની સીકયોરીટી ડીપોઝીટ પેટે કાપેલ દંડની રકમ ભરીને ટેન્ડરની સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૫૦,૦૦૦/– પુરી કરવાની રહેશે ત્યારબાદ માલ ઉપાડવા દેવામાં આવશે. જે તે સ્ક્રેપ આઈટમ નો દંડ કાપીને ટેન્ડર ચાલુ રાખવુ કે આખુ ટેન્ડર રદ કરીને ટેન્ડરની ડીપોઝીટની રકમ જપ્ત કરી પાર્ટીને બ્લેક લિસ્ટ માં મુકવી તે બાબતે સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી સાહેબનો નિર્ણય આખરી બંધનકર્તા ગણાશે.

**(આઈ) જે વેપારીઓને આ અગાઉના કવાર્ટરમાં સ્ક્રેપમાલ આપવામાં આવેલ હોય અને તે વેપારીએ તે કવાર્ટર પુરુ થયા પહેલાં જે બધોજ સ્ક્રેપ માલ ઉપાડેલ ના હોય તે વેપારીએ જે સ્ક્રેપમાલ ભરેલ નથી તે માટે આ કવાર્ટરમાં ભાવ ભરવાના નથી. અને જો ભાવ ભરેલ હશે તો પણ તે ભાવ આ કવાર્ટર માટે માન્ય ગણવામાં આવશે નહી.**

૬ કોન્ટ્રાકટરે નિયત સમયમાં માલ નહી ઉપાડે તો સંસ્થાને જરુર જણાય તો તે માલ બીજી પાર્ટીને આપવામાં આવશે, તેમજ સદર કોન્ટ્રાકટરની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૭ માલ ઉપાડતાં પહેલા માલની કિંમત / ટેક્ષ તથા દંડ વગેરે જે કંઈ લાગુ પડતા હશે તે સાથે / સંઘની ઓફીસે ભરવાના રહેશે, ત્યાર પછી જ માલની ડીલીવરી આપવામાં આવશે.

૮ માલની ડીલીવરી લેવા માટે કોન્ટ્રાકટરે એકઠા થયેલ માલના પ્રમાણ માં જે તે શેડ કે આઈટમ ખાલી થાય તે રીતે પોતાનુ વાહન લાવવાનું રહેશે. માલ નો સ્ટોક હોવા છ્તાં નાના વાહનો લઈને આવતા વેપારીઓને માં માલ આપવામાં આવશે નહિ. કોઈ પણ પ્રકારનુ શોર્ટિંગ કરવા દેવાશે નહિ.

**૯ <u>તમામ પ્રકારનો મેટલનો ભંગાર જેવોકે લોખંડનો ભંગાર (હેવી ટાઈપ),લોખંડનો ભંગાર (લાઈટ),સ્ટેનલેસ સ્ટીલનો ભંગાર,તાંબા નો ભંગાર, પિત્તળનો ભંગાર, એલ્યુમીનીયમનો ભંગાર વગેરે જેતે વેપારીએ પોતાના ખર્ચે અને જોખમે કાપીને ફકત જે તે મેટલનો ભંગાર પોતાના વાહનમાં ભરવાનો રહેશે.આ શરતનું પાલન નહી કરવામાં આવે અને મેઈન ગેટ ઉપર આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેની જવાબદારી જે તે વેપારીની રહેશે.</u>**

૧૦ ચોમાસાની સીઝન દરમ્યાન થોડો જથ્થો ભેગો થયેલ હશે તો પણ અધિકારીની સુચના મુજબ (વરસાદથી માલ બગડે નહી તે હેતુસર) જેટલો માલ ભેગો થયો હશે તેટલો લઈ જવાનો રહેશે.

૧૧. માલના જથ્થાની તપાસ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે. તપાસ કરતાં માલનો ઓછો વધતો જે કંઈ જથ્થો સ્ક્રેપ યાર્ડ માં સ્ટોર્સ પાસે હશે તેટલો ઉપાડવાનો રહેશે.

૧૨. માલની ડીલીવરી લેવા માટે આવતાં કોન્ટ્રાકટર અથવા તેમના માણસોએ સંઘના કર્મચારી સાથે કોઈપણ પ્રકારની ગેરવર્તણુંક તેમજ ચોરી કરી હશે તથા કોન્ટ્રાકટરને વેચાણ આપેલ જથ્થા ઉપરાંત ચેક કરતાં જથ્થામાં અગર વજનમાં વધારે લઈ જતાં માલુમ પડશે તો તેને માટે કોન્ટ્રાકટર અને માલની ડીલીવરી લેવા આવનારને બંન્ને ઈસમો જવાબદાર રહેશે. તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેને કારણે કોન્ટ્રાકટરે ભરેલી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને જે તે કોન્ટ્રાકટ રદ બાતલ ગણાશે.

૧૩ માલની ડીલીવરી લેવા માટે આવતા વધારાના માણસોને કોન્ટ્રાકટરની પેઢીનો સિકકો અગર ઓળખપત્ર પાસે રાખવું જરુરી ગણાશે. વોચમેન અગર બીજા કોઈ ઓફીસર જયારે માગે ત્યારે બતાવવાનું રહેશે. તે માણસોની દરેક પ્રકારની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૪ વેચાણ માટે આપવાનો જથ્થો સંઘ તેને જરુર લાગે તે પ્રમાણે નકકી કરશે. તથા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ માલ સામાન પૈકી સંઘને બીન ઉપયોગી માલ તરીકે જે માલ નીકળશે તે માલ જ આપવામાં આવશે.

૧૫ મંજુર થયેલ ભાવની જે તે વસ્તુ પૈકી જો વેચાણ માટે માલ ન નીકળે તો સંઘ કોન્ટ્રાકટરને સદર માલ આપવા માટે બંધનકર્તા રહેશે નહી.

૧૬ ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ વસ્તુઓ પ્રમાણે માલની ડીલીવરી નિયમીત રીતે નિયત સમયમાં મંજુર કરેલા ભાવે માલની ડીલીવરી આપવામાં આવશે.પાછળથી કોઈપણ જાતનો વાંધો કાઢયા સિવાય લેવાની રહેશે.

૧૭ ભાવ મંજુર થયે વેચાણ માટે નીકળતી વસ્તુઓ જે તે હાલતમાં આપવામાં આવશે. કોઈપણ માલમાંથી કોઈપણ પ્રકારની ઘટ આપવામાં આવશે નહીં. પાવડરવાળી પેપર કે પ્લાસ્ટીક બેગમાંથી પાવડરના વજનની ઘટ તથા વરસાદથી પલળેલા પુંઠા માટે ઘટ આપવામાં આવશે નહીં તેમજ ક્રાફટ પેપર બેગ્સ વિગેરેમાંથી પાવડર ખંખેરવા દેવામાં આવશે નહી તથા ખાખી કાગળ કાઢવા દેવામાં આવશે નહી. અને તે વસ્તુઓ તે જ હાલતમાં છે જેવી છે તે રીતે લઈ જવાની રહેશે. અને કોઈપણ પ્રકારની વસ્તુઓ અલગ કરવા દેવામાં આવશે નહીં.

૧૮ દરેક પ્રકારના ટીનમાં ઢાંકણા તેમજ બોટમ જેટલા હાજર હશે તેટલા ટીન સાથે વજનમાં આપવામાં આવશે.

૧૯ બટરના લાઈનર, બટરના કાગળ તથા ઘી અને દૂધના પાઉચ (પ્લાસ્ટીક) બેગ,પેપર બેગ તથા ૨૫ કીલો પાવડર બેગો તથા ફીલ્ટરની કોઈપણ પ્રકારની સાફસુફી કરવાની ડેરી કંપાઉન્ડમાં સગવડ આપવામાં આવશે નહીં. તમામ માલ જે હાલતમાં હશે તે હાલતમાં લેવાનો રહેશે.

૨૦ માલની ડીલીવરી લીધા પછી આજુ બાજુની જગ્યા ચોખ્ખી કરી આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૧ સ્ક્રેપ માલ સામાન ભરવા માટેના સાધનો પાર્ટીએ લાવવાના રહેશે.સ્ક્રેપ માલ ભરવા તથા બાંધવા માટે તથા વુવન બોરા, બારદાન બોરા તેમજ કાપવા, તોડવા જે કોઈ સાધન કોન્ટ્રાકટર લાવે તે વોચમેન પાસે નોંધાવીને લાવવાના રહેશે. સ્ક્રેપ માલ ભરવા જે કોઈ વાહન પી.યુ.સી. પ્રમાણિત લાવવાના રહેશે. ડેરીમાં સ્ક્રેપ માલ ભરવા માટે પેકીંગમાં વાપરવામાં આવેલ વુવન બોરા, વુવનબેગ, લાઈનર બેગો સ્ક્રેપ માલ સાથે જો પાર્ટી દ્વારા તેના વાહનમાં ભરવામાં આવશે તો તેની ગણત્રી કરી તેનુ બીલ જે તે સમયના ભાવથી અલગ બનાવવામાં આવશે અને તેનું કોઈપણ જાતનુ વજન કાપી આપવામાં આવશે નહી.

૨૨ (અ) તમામ સ્ક્રેપ આઈટમોના ભાવ પાર્ટીએ જે તે પ્રકારના વેરા કેન્દ્ર / રાજ્ય સરકારના વેરાઓ (ટેક્ષ), ડ્યુટી વગર મૂળ ભાવ ભરવાનો રહેશે. ટેક્ષ સાથે ભરેલ ટેન્ડરના ભાવ માન્ય ગણવામાં આવશે નહી.

**(બ) આપને મંજુર થયેલ આઈટમો તેને વેચાણ થયા બાદ તેના ઉપર તા.૦૧.૦૭.૨૦૧૭ થી અમલમાં આવેલ GST Rate સાથે બિલ બનાવવામાં આવશે. તમામ વેપારીઓએ GST રુલ્સના તમામ નિયમો અને શરતોનુ પાલન કરવાનું રહેશે.**

૨૩. આપનુ વાહન સ્ક્રેપમાલ ભરીને સમયસર બહાર નીકળે તે માટે વેચાણ આપેલ માલના બીલના પેમેન્ટ બાબતે નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(અ) સરકારશ્રીના નિયમ મુજબ વેચાણ કરેલ માલ જે તે ફેકટરી બહાર જાય ત્યારે તે વાહનની સાથે તે માલનુ બીલ હોવુ ફરજિયાત છે. આથી આપના દ્વારા અત્રેથી કોઈપણ માલની ડિલિવરી / ગેટપાસ લેતી વખતે સાથે બીલ લઈ લેવું.

(બ) હાલની SAP સિસ્ટમમાં બીલ બનાવવા માટે પાર્ટીના ખાતામાં માલના બીલની રકમ જેટલુ કે તેથી વધારે બેલેન્સ હોવુ જરુરી છે. તેથી આપના ખાતામાં યોગ્ય બેલેન્સ છે કે નહિ તેની ખાતરી કરી સ્ક્રેપ માલ વાહનમાં ભરાવવાનુ ચાલુ કરવું. તે સિવાય માલ ભરવા દેવામાં આવશે નહિ. તેથી જે માલ ભરાવવાનો હોય તે માલ માટેનુ પેમેન્ટ અગાઉથી તમારા ખાતામાં જમા કરાવવુ.

(ક) તમારા ખાતામાં ડ્રાફ્ટ/કેશથી પેમેન્ટ જમા કરાવવા માટે સ્ટોર્સ વિભાગમાંથી પેમેન્ટ સ્લીપ લઈને એકાઉન્ટ વિભાગમાં પેમેન્ટ ભરાવવા જવાનેં રહેશે. જો ડેરીના બેંકખાતામાં NEFT/RTGS મારફત સીધુ પેમેન્ટ જમા કરાવવા માગતા હોય તો નીચે મુજબ વિગતે બેન્કમાં જમા કરાવીને પાર્ટીના લેટરપેડ ઉપર તેની વિગતો લખી સાથે સ્ટોર્સમાંથી સ્લીપ ભરાવી પાર્ટીએ જાતે એકાઉન્ટ વિભાગમાં સ્લીપ જમા કરાવવાની રહેશે. NEFT/RTGS/ડ્રાફ્ટ થી પેમેન્ટના કિસ્સામાં ડેરીમાં જે તે પાર્ટીના ખાતામાં જમા રકમ થયા બાદ સ્ટોર્સ વિભાગમાંથી માલ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| a | Name of Bank | BANK OF BARODA |
| b | Address of bank | Mehsana Main Branch,Station Road, Mehsana |
| c | Name of A/c. | Mehsana District Co-Operative Milk Producers' Union Limited, Dudhsagar Dairy |
| d | A/c.No. | 01520500013519 |
| e | A/c.Type | Cash Credit Account |
| f | IFSC Code | BARB0MEHSAN ( 5th digit is ZERO) |

(ડ) ટેન્ડર સાથે ભરેલ ટેન્ડર ડિપોઝીટની રકમને માલના પેમેન્ટ સાથે કોઈપણ સંજોગોમાં સરભર કરવામાં આવશે નહિ. આ ડિપોઝીટની રકમ ટેન્ડરની કામગીરી સંતોષકારક પૂર્ણ થયા બાદ જ પરત આપવામાં આવશે.

૨૪ કોઈપણ વસ્તુના ભાવ મંજુર થયે તથા તે અંગેના ઓર્ડર મળતાં સંમતીપત્ર સહી કરીને પરત આપવાનું રહેશે.

૨૫ ટેન્ડર મુજબ આપને લાગેલ સ્ક્રેપ આઈટમ સંઘના અન્ય કોન્ટ્રાકટરને નામે ટ્રાન્સફર થઈ શકશે નહી.

૨૬ કોઈપણ પાર્ટીએ ટેન્ડર તથા હરાજીની શરતો તથા ડીલીવરી બાબતે કોઈપણ પ્રકારનો મતભેદ ઉપસ્થિત થાય તો સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી સાહેબનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

૨૭ સદર હરાજી ટેન્ડર અંગે ન્યાયિક ક્ષેત્ર મહેસાણા રહેશે.

મેનેજીંગ ડિરેકટરશ્રીની મંજૂરીથી

આપની ઉપર જણાવેલ ટેન્ડરની શરતો અમોને મંજૂર છે.

---

# <u>બોંયધરીપત્ર</u>

તારીખ –

દુધસાગર ડેરી દ્વારા અમોને વર્ષ ૨૦૧૮–૧૯ ના પહેલા ચારમાસિક ટેન્ડરમાં GPCB approved licence ની જરુરીયાતવાળી આઈટમો પૈકી જે આઈટમો અમોને આપવામાં આવશે તે તમામ આઈટમો અમો દુધસાગર ડેરીમાંથી ખરીદીને GPCB approved licence વાળા વેપારીઓને આ માલ વેચાણ કરવામાં આવશે તેની ખાતરી આપીએ છીએ.

વધુમાં આ ચારમાસિક ટેન્ડરનો સમય પુરો થાય તે પહેલાં ખરીદેલ તમામ આઈટમોનો આઈટમવાઈઝ કુલ જથ્થો મારા લેટરપેડ ઉપર લખીને આ માલ GPCB approved licence વાળા વેપારીઓને વેચાણ કરેલ છે. તે મુજબનુ લખાણ લખીને જે તે માન્ય લાયસન્સની નકલો બીડાણ કરીને આપીશ તેની ખાતરી આપીએ છીએ અને જો તેમ કરવામાં નિષ્ફળ જઈશ તો મારી ટેન્ડર ડીપોજીટ જપ્ત કરવાની બોંયધરી આપુ છું.

ટેન્ડર ભરનારની સહી ..............................................................................................................

ટેન્ડર ભરનારનુ નામ તથા સરનામુ તથા સ્ટેમ્પ .....................................................................

××××××××